सत्य मेव जयते

GJJN220001892026

| | |
|---|---|
| દાખલ તારીખ : | ૧૬/૦૬/૨૦૨૬. |
| નોંધણી તારીખ : | ૧૬/૦૬/૨૦૨૬. |
| ફેંસલ તારીખ : | ૧૭/૦૬/૨૦૨૬. |
| અવધિ : | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૦ ૦૧ |

**વંથલીના ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. વંથલી.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૮૭/૨૦૨૬.**

**આંક :**

**અનવરભાઇ આમદભાઇ પલેજા,** **અરજદાર.**
ઉ.વ.આ. ૩૫, ધંધો–ખેતી, ધર્મે–મુસ્લીમ,
રહે.સોનારડી ગામ, તા.વંથલી, જી.જુનાગઢ.
હાલ–જીલ્લા જેલ, જુનાગઢ.

**વિરુધ્ધ**

સ્ટેટ ઓફ ગુજરાત. **સામાવાળા**

**બાબત :** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મળવા બાબત.

ધારાશાસ્ત્રી : અરજદાર તરફે વિ.વકીલશ્રી વી.યુ. વદર.
શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ.દેવાણી

**-:: ચુકાદો ::-**

(૧) આ કામે વંથલી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૬૮૨૬૦૧૬૭/૨૦૨૬, પ્રોહીબીશન એકટ કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુનાના કામે અરજદારને તા.૧૪/૦૬/૨૦૨૬ ના રોજ અટક કરી, તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ નીચેની કોર્ટ સમક્ષ રજુ કરેલ ત્યારથી તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં છે, જેથી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી રજુ કરી જણાવેલ છે કે, તેઓના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઇ મુદ્દામાલ મળી આવેલ હોય તેવું બનેલ નથી, જે ડેલામાંથી મુદ્દામાલ મળી આવેલ તે ડેલામાં તેઓ તથા તેમના પિતા બંને રહેતા હોય તેવા એકમાત્ર કારણસર તેમના પિતા સામે ગુનો નોંધાયેલ અને એફ.આઇ.આર.માં અરજદારનું પણ નામ પોલીસે ખોટી રીતે લખી નાખેલ છે. બનાવવાળી જગ્યાએ તેઓ હાજર હોય કે પોલીસને જોઇને નાસી કે ભાગી ગયેલ હોય તેવું બનેલ નથી. આ કામના જે આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ મળી આવેલ તે આરોપીને ફો.પ.અ.નં. પ૨/૨૦૨૬ થી શરતોને આધીન જામીન મુકત કરેલા છે, જેથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપ્ર તેઓને જામીન મુકત કરવા અરજ કરેલ છે. તેઓ વંથલી તાલુકાના સોનારડી ખાતે તેમના પરીવાર સાથે રહે છે, સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી. તેઓ નામ. અદાલત ફરમાવે તેવા જામીન આપવા અને ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર હોય તેઓને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૨) અરજદારની અરજી દાખલ થતા આ કામના સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ.દેવાણી હાજર થયેલ છે તથા જામીન અરજીના વિરોધમાં જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઇ. એફ.બી. ગગનીયાનું સોગંદનામુ રજુ થયેલ છે, જેમાં તેઓએ અરજદારની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૩) અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રી વી.યુ. વદરએ તેની અરજી મુજબની દલીલ કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના અન્ય આરોપીને નામ.અદાલતે જામીન મુકત કરેલાં છે જેથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપર

હાલના અરજદારને જામીન મુકત કરવા જોઇએ. સદર કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય, અરજદાર નામ. અદાલત ફરમાવે તેવા જામીન આપવા અને ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર હોય જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) જયારે સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ.દેવાણીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના આરોપી નં. ૧ આમદભાઇ મુસાભાઇ પલેજા તથા હાજર નહી મળી આવેલ હાલના આરોપી અનવર આમદભાઇ પલેજાએ પોતાના કબ્જા હવાલાવાળા રહેણાંક મકાને ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડની દારુ નાની બોટલો નંગ–૯૬૦ કિંમત રૂા.૨,૮૮,૦૦૦/– તથા હુન્ડાઇ કંપનીની સ્પોટસ ગ્રાન્ડ આઇ–૧૦ ફોરવ્હીલ જેના રજી. નં. જીજે–૧૧–બીએચ–૭૮૨૮ કિંમત રૂા.૩,૦૦,૦૦૦/– તથા એથર કંપનીની મોપેડ જેના રજી. નં. જીજે–૧૧–ડીએ–૪૪૩૩ ની કિંમત રૂા.૮૦,૦૦૦/– તથા સુઝુકી કંપનીની બર્ગમેન મોપેડ જેના રજી. નં. જીજે–૧૧–સીએફ–૪૦૧૧ કિંમત રૂા.૫૦,૦૦૦/– તથા મોબાઇલ ફોન મળી કુલ કિંમત રૂા.૭,૨૧,૦૦૦/– નો મુદ્દામાલ પોતાના કબ્જા ભોગવટાના મકાને રાખી હાલના આરોપી પકડાય જઇ તથા હાલના આરોપી નં.૨ હાજર નહી મળી આવી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આરોપી સામે અન્ય ગુના દાખલ થયેલ છે. સદર ગુનાની તપાસ ચાલુ છે, અન્ય આરોપીને પકડવાના બાકી છે. જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો પકડવાના બાકી આરોપીને મદદ કરશે અને ભગાડી દે તેવી શકયતા છે. તેમજ તપાસના કામે જરુર પડશે ત્યારે હાજર રહેશે નહી, તેમજ ફરી આવા ગુના કરશે અને સરળતાથી જામીન આપવાથી સમાજ ઉપર તેની અવળી અસર થવાની પુરી શકયતા છે, જેથી જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆતો ધ્યાને લીધી. એફ.આઇ.આર. વંચાણે લેતા કહેવાતો બનાવ તા.૩૧/૦૩/૨૦૨૬ ના રોજ બનવા પામેલ છે, મળેલ બાતમીના આધારે આ કામના આરોપીના સોનારડી મેઇન બજાર, તા.વંથલી, જી.જુનાગઢના રહેણાંક મકાને રેડ કરતા આરોપીના રહેણાંક

મકાનમાંથી ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડની દારુ નાની બોટલો નંગ–૯૬૦ કિંમત રૂા.૨,૮૮,૦૦૦/– તથા હુન્ડાઇ કંપનીની સ્પોટસ ગ્રાન્ડ આઇ–૧૦ ફોરવ્હીલ જેના રજી. નં. જીજે–૧૧–બીએચ–૭૮૨૮ કિંમત રૂા.૩,૦૦,૦૦૦/– તથા એથર કંપનીની મોપેડ જેના રજી. નં. જીજે–૧૧–ડીએ–૪૪૩૩ ની કિંમત રૂા.૮૦,૦૦૦/– તથા સુઝુકી કંપનીની બર્ગમેન મોપેડ જેના રજી. નં. જીજે–૧૧–સીએફ–૪૦૧૧ કિંમત રૂા.૫૦,૦૦૦/– તથા મોબાઇલ ફોન મળી કુલ કિંમત રૂા.૭,૨૧,૦૦૦/– નો મુદામાલ પોતાના કબ્જા ભોગવટાના મકાને રાખી આરોપી પકડાય જઇ તથા હાલના આરોપી નં.ર હાજર નહી મળી આવી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આ કામના આરોપીને તા.૧૪/૬/૨૦૨૬ ના રોજ અટક કરેલ ત્યારથી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. સદર ગુનાના કામના અગાઉ પકડાયેલ આરોપીને ફો.પ.અ.નં. ૫૨/૨૦૨૬ થી આ અદાલતે જામીન મુકત કરેલ છે. તપાસ કરનાર અમલદારે તેના સોગંદનામામાં જામીન અરજી નામંજુર કરવા માટે જે ભયસ્થાનો જણાવેલ છે તે યોગ્ય શરતો મુકી નીવારી શકાય તેમ છે. વધુમાં અરજદારે ગુનામાં જે ભાગ ભજવેલ છે તે બાબત ગુનાના કામે ચાર્જશીટ થયા બાદ પણ બદલાઇ જાય તેવી શકયતા નથી, આરોપી સામે અન્ય ગુના નોંધાયેલ હોવા માત્રથી તેઓની જામીન અરજી નામંજુર કરી શકાય નહી, **૨૦૨૦(૧) (ક્રીમીનલ) પાના નં. ૮૩૧ સુપ્રીમ કોર્ટ, પ્રભાકર તીવારી વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉતર પ્રદેશ અને અન્યના** કેસના ચુકાદામાં ઠરાવેલ છે કે, આરોપી વિરુધ્ધ અન્ય ગુના નોંધાયેલ હોય તો તે કારણ જામીન નકારવા માટે યોગ્ય ગણી શકાય નહી. તેમજ આ કામના અન્ય આરોપીને જામીન મુકત કરેલ છે જે હકીકત ધ્યાને લેતા અગાઉ છોડેલ આરોપીનો ગુનામાં રોલ જોતા તેમના કબ્જામાંથી મુદ્દામાલ મળી આવેલ છે, જયારે હાલના આરોપી પાસેથી પ્રત્યક્ષ મુદ્દામાલ મળી આવેલ નથી પરંતુ આરોપીનો ગુનામાં રોલ જોતા મુખ્ય આરોપી કરતા ઓછો હોવાનું જણાય છે, જેથી આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચીત જણાય છે **જામીન એ નિયમ અને જેલ એ અપવાદ**ના સિધ્ધાંતને ધ્યાને રાખી યોગ્ય શરતોને આધિન આરોપીને જામીન મુકત કરવામાં આવશે

તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્ર મંતવ્ય છે. જે તમામ હકીકત ધ્યાને લેતા આરોપીની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબની ન્યાયીક વિવેકબુધ્ધિની સત્તા વાપરવી યોગ્ય અને ન્યાયીક જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે અરજદારની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર **અનવરભાઇ આમદભાઇ પલેજા,** રહે. સોનારડી, તા.વંથલી, જી.જુનાગઢ નાઓને વંથલી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦ ૩૦૬૮૨૬૦૧૬૭/૨૦૨૬, પ્રોહીબીશન એકટ કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુનાના કામે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પુરાં) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુકચરા આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :**

(૧) અરજદારે ફરીયાદપક્ષના સાહેદોને કોઇ ધાક ધમકી, લોભ લાલચ કે પ્રલોભન આપવા નહી.

(૨) અરજદારે સદર કેસના પુરાવા સાથે ચેડા થાય તેવું કોઇ કૃત્ય કરવું નહી.

(૩) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ તેમનો પાસપોર્ટ નીચેની અદાલતમાં રજુ કરવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામુ નીચેની અદાલત સમક્ષ જામીન મુકત થયા બાદ દિવસ–૨(બે) માં રજુ કરવું.

(૪) અરજદારે આ કોર્ટની પૂર્વ પરવાનગી સીવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૫) અરજદારે કેસની ટ્રાયલ વખતે નિયમીત કોર્ટમાં હાજર રહેવું.

(૬) અરજદારે આ હુકમની તારીખથી દિન–૯૦ સુધી દરેક અંગ્રેજી મહીનાની ૧ થી ૧૦ તારીખ દરમ્યાન સબંધીત પોલીસ સ્ટેશનમાં અચુક હાજરી પુરાવવાની રહેશે.

(૭) અરજદારે પોતાનું હાલનું તેમજ કાયમી સરનામુ પુરસીશથી જાહેર કરવું તથા જો મોબાઈલ નંબર ધરાવતા હોય તો મોબાઈલ નંબર રજુ કરવો. સરનામુ તથા મોબાઈલ નંબર આ અદાલતની પુર્વ પરવાનગી વગર બદલવુ નહી અને જો બદલવાનું થાય તો સબંધીત પોલીસ સ્ટેશન તથા આ અદાલતને તુરત જ જાણ કરવી.

(૮) અરજદારે રજુ કરેલ સરનામુ તેઓના આ કેસની ટ્રાયલ દરમ્યાન કાયમી ગણાશે.

જામીન નીચેની અદાલતમાં આપવાના રહેશે.

આ હુકમની નકલ સબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને મોકલવી તથા સબંધીત જેલ ઓથોરીટીને યાદી કરવી.

હુકમ આજ તા. ૧૭મી, માહે–જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.

તા.૧૭/૦૬/૨૦૨૬.

**(સલીમભાઈ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**